

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyadnews.com

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ સાપ્તાહિક

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-40 ■ તા. 19-10-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# 'બ્રિક્સ' રાષ્ટ્રોના યુએસ ડોલર પરના હુમલાને ટેરિફથી રોક્યોઃ ટ્રમ્પ



વોશિંગ્ટન,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા દેશોના બનેલા સંયુક્ત સમૂહ બ્રિક્સ સામે વધુ એક વખત પોતાનો અણગમો વ્યક્ત કર્યો છે. યુએસ પ્રમુખે પોતાની ટેરિફ નીતિનો બચાવ કરતા જણાવ્યું કે, બ્રિક્સ બ્લોક યુએસ ડોલર પર હુમલો હતો જેને ટેરિફથી રોકવામાં સફળતા મળી હતી. યુએસ રાષ્ટ્રપતિના મતે ટેરિફની ધમકી આપ્યા બાદ બ્રિક્સ દેશો તૂટી રહ્યા છે અને તેના સભ્ય રાષ્ટ્રો એક પછી એક બ્લોકમાંથી બહાર થઈ રહ્યા છે. ટ્રમ્પે વૈશ્વિક સ્તરે થતા વેપારમાં ડોલરને બદલીને અન્ય ચલણને મહત્વ આપવા સામે ટેરિફનું હથિયાર ઉગામ્યું હતું. વ્હાઈટ હાઉસ ખાતે આર્જેન્ટિનાના વડાપ્રધાન જાવિયર મિલીયા સાથે મુલાકાત દરમિયાન ટ્રમ્પે જણાવ્યું કે, બ્રિક્સ રાષ્ટ્રના સમૂહમાં જેમને રહેવું હોય તે રહી શકે છે પરંતુ અમે તે રાષ્ટ્ર ઉપર ટેરિફ લાદીશું. ત્યારબાદ આ બ્લોકમાંથી એક પછી એક બધા દેશો છૂટા પડી રહ્યા છે. ટ્રમ્પે ભારપૂર્વક જણાવ્યું કે, હું ડોલર પ્રત્યે ખૂબ કડક છું, અને જે કોઈ ડોલરમાં વેપાર કરવા માંગે છે તેમને ડોલરમાં વેપાર ના કરતા દેશોની તુલનાએ ફાયદો થઈ શકે છે. બ્રિક્સ ડોલર પર હુમલો હતો. જો તમે આ રમત રમો છો તો હું અમેરિકામાં નિકાસ થતી તમારી તમામ ચીજવસ્તુઓ ઉપર ટેરિફ લાગુ કરીશ. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખનું આ નિવેદન એવા વ્યાપક વૈશ્વિક સંદર્ભમાં આવ્યું છે જેમાં બ્રિક્સના સભ્ય દેશો (હાલના ૧૦ દેશો) સંયુક્ત રીતે આર્થિક તેમજ વેપાર ક્ષેત્રમાં યુએસ ડોલરના વૈશ્વિક વર્ચસ્વને પડકાર આપી રહ્યા છે. આ મુદ્દે નિષ્ણાતો ટ્રમ્પના દાવા સાથે સહમત નથી જણાતા. નિષ્ણાતો તથા આંતરરાષ્ટ્રીય વિશ્લેષકોના મતે બ્રિક્સ સંગઠન મજબૂત બની રહ્યું છે અને તેના સભ્ય દેશોનો આર્થિક પ્રભાવ સતત વધી રહ્યો છે. ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે ડોલરની ભૂમિકાને નબળી પાડવાની ભારતની કોઈ યોજના નહીં હોવાની સ્પષ્ટતા કરી છે. ભારતે આ મામલે સમાધાનકારી વલણ અપનાવ્યું છે તથા તેને ડોલર સાથે કોઈ સમસ્યા નહીં હોવાનું જણાવ્યું છે. ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરારને લઈને પણ વાટાઘાટો સકારાત્મક દિશામાં ચાલી રહી છે. આ સપ્તાહે ભારતનું પ્રતિનિધિમંડળ અમેરિકાની મુલાકાત લેશે.

## રાજકોટમાં પતિને વિડીયો કોલ કર્યા બાદ પરિણીતાનો ફાંસો ખાઈ આપઘાત



રાજકોટ,

રાજકોટ શહેરના કોઠારીયા રોડ પર ચાલીસ ફૂટ રોડ પર આવેલી ન્યૂ કેદારનાથ સોસાયટીમાં રહેતી એક પરિણીતાએ રાત્રે પોતાના પતિ સાથે વિડીયો કોલ પર વાત કર્યા બાદ સાડા ચાર વર્ષના દીકરાને રમવા માટે બહાર મોકલ્યો હતો અને પછી પંખા સાથે ચૂંદડી બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. હાલ આપઘાતનું કારણ સ્પષ્ટ ન થતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.આપઘાત કરનાર કોમલબેનના લગ્ન આઠ વર્ષ પહેલા થયા હતા અને સંતાનમાં કિયાન નામનો સાડા ચાર વર્ષનો દીકરો છે. તેમના પતિ કિશનભાઈ બટુકભાઈ ખુંટ સંસ્કાર ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં જોગમાયા એન્ટરપ્રાઈઝ નામે કારખાનું ધરાવે છે, જેમાં તેઓ અને તેમના ભાઈ સીએનસીનું કામ કરે છે. કોમલબેને રાત્રે પતિ કિશન ખુંટને વિડીયો કોલ કરીને પૂછ્યું હતું કે, 'તમે ક્યારે ઘરે આવશો? મેં અને કિયાને જમી લીધું છે.'આ વાતચીત બાદ તેમણે દીકરાને બહાર રમવા મોકલ્યો અને ગળે ફાંસો ખાઈ લીધો. માસૂમ દીકરો થોડીવાર પછી ઘરમાં ફરીવાર આવતા માતાને લટકતી જોઈને રડતો રડતો બહાર દોડી ગયો હતો અને પડોશીઓને 'પોતાના મમ્મી લટકે છે' તેમ કહી વાત કરી હતી. પડોશીઓ અંદર દોડી જતાં કોમલબેનને લટકતા જોઈને સૌ હેબતાઈ ગયા હતા. તરત જ ૧૦૮ને અને કોમલબેનના પતિને જાણ કરવામાં આવી હતી. જોકે, તબીબે તેણીને મૃત જાહેર કર્યા હતા. કોમલબેનના માતા-પિતા ગોંડલના ધુડશીયા ગામે રહે છે. આગામી સમયમાં કુટુંબમાં લગ્નપ્રસંગ આવતો હોવાથી ગઈકાલે તેમણે ઓસ્ટ્રેલિયા રહેતા બહેન સહિતના સગાંને પણ વિડીયો કોલથી વાત કરી હતી અને લગ્નની તૈયારી કરી રહ્યાનું જણાવ્યું હતું. રાત્રે અચાનક આવું પગલું ભરી લેતા પતિ સહિતના સ્વજનો શોકમાં ગરક થઈ ગયા છે. પોલીસે આ મામલે વધુ તપાસ ચાલુ રાખી છે.

## ઈન્દોરમાં એકસાથે ૨૦થી વધુ કિન્નરોનો સામૂહિક આપઘાતનો પ્રયાસ



ઈન્દોર,

ઈન્દોરના નંદલાલપુરા વિસ્તારમાં ચાલી રહેલા કિન્નરોના આંતરિક વિવાદને પગલે એક જૂથના ૨૦થી વધુ કિન્નરોએ ફિનાઈલ પીને સામૂહિક આપઘાતનો પ્રયાસ કર્યો છે. બુધવારે રાત્રે આ કિન્નરો તેમના ડેરા પરથી નીચે ઉતરીને હોબાળો કરવા લાગ્યા અને ત્યાર બાદ એકસાથે ફિનાઈલ પી લીધી. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ સ્થળ પર પહોંચી અને ઓટોરિક્ષા તેમજ એમ્બ્યુલન્સની મદદથી તમામ કિન્નરોને એમવાય હોસ્પિટલ પહોંચાડ્યા, જ્યાં એક કિન્નરની હાલત ગંભીર જણાવાઈ રહી છે.નંદલાલપુરામાં કિન્નરોના બે જૂથ વચ્ચે લાંબા સમયથી આંતરિક વિવાદ ચાલી રહ્યો છે. આ વિવાદના સમાધાન માટે મંગળવારે કિન્નર અખાડાના મહામંડલેશ્વર લક્ષ્મી ત્રિપાઠી ઈન્દોર આવ્યા હતા અને તેમણે અધિકારીઓ સાથે મુલાકાત પણ કરી હતી. બીજી બાજુ, આ વિવાદના સંબંધમાં એક કિન્નરની ફરિયાદના આધારે પોલીસે બે મીડિયાકર્મીઓ વિરુદ્ધ કેસ નોંધ્યો છે. ઉલ્લેખનીય છે કે, ઘણા દિવસોથી ચાલી રહેલા કિન્નરોના આ વિવાદની તપાસ માટે અગાઉ એસઆઈટી ની પણ રચના કરવામાં આવી હતી, પરંતુ તે તપાસ પૂરી થઈ શકી નથી.ફિનાઈલ પીધા પછી, એક જૂથના કિન્નરોએ નંદલાલપુરા ચોક પર ચક્કાજામ કર્યો, જેના કારણે રસ્તા પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ. કિન્નરોએ લાંબા સમય સુધી હંગામો ચાલુ રાખ્યો, ત્યારબાદ પોલીસે સમજાવટ કરીને ચક્કાજામ ખોલાવ્યો. અહીં નોંધનીય છે કે ઈન્દોરમાં સપના ગુરુનું એક જૂથ અને સીમા તથા પાયલ ગુરુનું બીજું જૂથ સક્રિય છે. આ બંને જૂથો વચ્ચે વારંવાર વિવાદ થતો રહે છે, જેમાં સપના ગુરુનું જૂથ અવારનવાર ધર્માંતરણના આરોપો પણ લગાવે છે. ભૂતકાળમાં પણ બંને જૂથો વચ્ચે વિવાદો થયા છે અને તેના સંબંધમાં કેસ પણ નોંધાયેલા છે.આ મામલે એડિશનલ ડીસીપી રાજેશ દંડોતિયાએ માહિતી આપી હતી કે પંઢરીનાથ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સાંજે લગભગ ૨૦થી વધુ કિન્નરોએ કોઈ પદાર્થ પીધો હોવાની ઘટના બની છે. પ્રાથમિક તપાસમાં આ પદાર્થ ફિનાઈલ હોવાનું સામે આવ્યું છે. હજુ આ મામલે વધુ તપાસ કરવામાં આવી રહી છે. તમામ અસરગ્રસ્તોની સારવાર એમવાય હોસ્પિટલમાં શરૂ કરી દેવામાં આવી છે. સીએમએચઓને તમામ અસરગ્રસ્તોની યોગ્ય સારવાર સુનિશ્ચિત કરવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. હાલમાં દર્દીઓની સ્થિતિ સ્થિર હોવાનું અને પોલીસ પ્રશાસનની સતત દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલુ હોવાનું જણાવાયું છે. કિન્નરોએ કયા કારણોસર ઝેરી પદાર્થ પીધો તે અંગે હજી સ્થિતિ સ્પષ્ટ નથી અને પોલીસ દ્વારા આ મામલે તપાસ ચાલી રહી છે.જે કિન્નરોને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. તેમની સાથે આવેલા કિન્નરોએ હોસ્પિટલ પરિસરમાં પણ હંગામો કર્યો. સ્થળ પર પોલીસ બળ તૈનાત કરવામાં આવ્યું છે. કેટલાક મીડિયાકર્મીઓ સાથે પણ કિન્નરોએ દુર્વ્યવહાર કર્યો છે.

## સુરતમાં રેપ કરી સગીરાને ગર્ભવતી બનાવનારને અંતિમ શ્વાસ સુધી જેલ



સુરત,

સુરતના ગ્રામ્ય વિસ્તારની ૧૬ વર્ષ અને નવ મહિનાની સગીરાને લગ્નની લાલચ આપી છ વખત દુષ્કર્મ આચરી સગર્ભા બનાવનાર આરોપીને પોક્સોની વિશેષ કોર્ટે કસૂરવાર ઠેરવી જીવનના અંતિમ શ્વાસ સુધી એટલે કે આજીવન કેદની સખત સજા ફટકારી છે. ઉપરાંત કુલ ૨૦ હજારનો દંડ પણ ફટકારતો હુકમ કર્યો હતો. તેમજ પીડિતાને ૧૫ લાખ વળતર પેટે ચૂકવવા આદેશ કર્યો હતો. મૂળ ઉમરપાડા તાલુકાના ગોલવણ ગામના ડુંગળી પાડા ફળિયામાં રહેતા ૨૫ વર્ષીય પૌવલુસ નિરંજન વસાવાએ સુરતના ગ્રામ્ય વિસ્તારની ૧૬ વર્ષ અને નવ મહિનાની સગીરા સાથે નવેમ્બર ૨૦૨૨ થી ૬-૯-૨૦૨૪ દરમિયાન લગ્નની લાલચ આપી તેણી સાથે અવારનવાર ૬ વખત દુષ્કર્મ આચર્યુ હતું. ગર્ભ રહી જતા આરોપી પૌવલુસ વસાવાને જાણ કરતા ધમકી આપીને ભાગી ગયો હતો.આ અંગે સગીરાના માતા-પિતાએ આરોપી પૌવલુસ વસાવા વિરુદ્ધ કોસંબા પોલીસ સ્ટેશનમાં સગીરાને પ્રેમ જાળમાં ફસાવી તેની ઉપર દુષ્કર્મ કરી તેને સગર્ભા બનાવવા બદલ પોક્સો એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

## લીંબડીના રાણાગઢમાં ઘરે ક્લિનિક ચલાવતો બોગસ ડોક્ટર ઝડપાયો

સુરેન્દ્રનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ડિગ્રી નહીં હોવા છતાં કિલનિક ખોલી લોકોની સારવાર કરતા બોગસ ડોક્ટરનો રાફડો ફાટયો હોય તેમ લાગી રહ્યું છે. સુરેન્દ્રનગર એસઓજી પોલીસે લીંબડી તાલુકામાંથી એક બોગસ ડોક્ટરને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.સુરેન્દ્રનગર એસઓજી પોલીસે લીંબડી તાલુકામાં પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે લીંબડીના રાણાગઢ ગામે કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં રેઈડ કરી હતી. જેમાં કોઈપણ જાતની તબીબી ડિગ્રી કે સટફિકેટ વગર ક્લિનિક ખોલી લોકોની તપાસ અને સારવાર કરી આરોગ્ય સાથે ચેડા કરતા બોગસ ડોક્ટર હિંમતભાઈ ભાવુભાઈ નાયક (ઉ.વ.૫૫, રહે. રાણાગઢ)ને ઝડપી પાડયો હતો.એસઓજી પોલીસ ટીમે નાની કઠેચી ગામના મેડિકલ ઓફિસર અને ટીમને પણ સાથે રાખી હતી. બોગસ ડોક્ટરના ક્લિનિકમાંથી રૂ.૧૬,૫૭૮ ની કિંમતની એલોપેથી દવાનો જથ્થો પણ કબજે કરવામાં આવ્યો હતો.



## ટ્રેલરની ટક્કરે કાર સળગી

*રાજસ્થાનના બાડમેર જિલ્લામાંથી એક અત્યંત દર્દનાક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. ગુરૂવારે (૧૬ ઓક્ટોબર) વહેલી સવારે ટ્રેલર-સ્કૉર્પિયોની આમને-સામને ટક્કર થઈ હતી અને અચાનક જ ગાડી સળગી ઉઠી. આ દુર્ઘટનામાં ચાર લોકો જીવતા સળગી ગયા અને ઘટનાસ્થળે જ તેમનું મોત નિપજ્યું અને એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે, જે હાલ સારવાર હેઠળ છે.મળતી માહિતી મુજબ, ગુડામાલાણીના ડાભડ ગામના પાંચ મિત્રો સ્કોર્પિયોમાં સવાર થઈને સિણધરીથી રાત્રે જમ્યા બાદ પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન તેમની કારની ટક્કર એક ટ્રેલર સાથે થઈ હતી. ટક્કર એટલી ભયાનક હતી કે સ્કોર્પિયોમાં તુરંત આગ લાગી ગઈ હતી. આગની જ્વાળાઓ એટલી વિકરાળ હતી કે કારના દરવાજા જામ થઈ ગયા અને ચાર યુવકો અંદર ફસાયા હતા. દરવાજા ન ખુલવાના કારણે તેઓ કારની અંદર જ જીવતા સળગી ગયા અને ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા. જોકે, ટ્રેલર ચાલકે પોતાનો જીવ જોખમમાં મૂકીને સ્કોર્પિયોના ચાલકને બહાર ખેંચી કાઢ્યો હતો અને તેને બચાવવામાં સફળ રહ્યો હતો. હાલ, ઈજાગ્રસ્ત યુવકને પ્રાથમિક સારવાર બાદ જોધપુર રિફર કરવામાં આવ્યો છે.*

## અમેરિકાએ સહાય બંધ કરતા લાખો લોકો સામે ભૂખમરાંનું સંકટ



નવી દિલ્હી, તા.૧૭

સંયુક્ત રાષ્ટ્રની ખાદ્ય સહાયતા એજન્સીએ બુધવારે જણાવ્યું હતું કે તેમના ટોચના દાનકર્તાઓ દ્વારા દાન-સહાયની રકમમાં મોટા પ્રમાણમાં ઘટાડો કરવામાં આવતા છ દેશોમાં તેમના કામકાજ પર વિપરિત અસર પડી રહી છે અને ચેતવણી આપી છે કે લગભગ ૧.૪ કરોડ લોકો ઈમરજન્સી સ્તરે ભૂખમરાનો સામનો કરી રહ્યાં છે.વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ જે પારંપરિક રીતે સંયુક્ત રાષ્ટ્રની સૌથી મોટી રકમ પ્રાપ્ત કરનારી એજન્સી છે. આ એજન્સીએ પોતાના નવા રિપોર્ટમાં જણાવ્યું છે કે ચાલુ વર્ષે તેના ભંડોળની સ્થિતિ પ્રથમ વખત ખૂબ જ પડકારજનક રહી છે. જેનું મુખ્ય કારણ ટ્રમ્પ વહીવટી તંત્ર હેઠળ અમેરિકા અને અન્ય પ્રમુખ પશ્ચિમી દાનકર્તાઓ દ્વારા ખર્ચમાં ઘટાડો છે. એજન્સીએ ચેતવણી આપી છે કે દાનની રકમમાં ઘટાડાને કારણે તેના ૧.૩૭ કરોડ ખાદ્ય સહાયતા પ્રાપ્તકર્તા ઈમરજન્સી સ્તરના ભૂખમરાનો સામનો કરી શકે છે. એજન્સીએ જણાવ્યું છે કે જે છ દેશોમાં કામકાજ પર વિપરિત અસર પડી રહી છે તેમાં અફઘાનિસ્તાન, કાંગો, હેતી, સોમાલિયા, દક્ષિણ સુદાન અને સુદાનનો સમાવેશ થાય છે. ડબ્લ્યુએફપીએ જણાવ્યું છે કે તેને ચાલુ વર્ષે ૪૦ ટકા ઓછું દાન મળવાની શક્યતા છે. જેના કારણે અંદાજિત બજેટ ૬.૪ અબજ ડોલર રહી જશે. ગયા વર્ષેતેને લગભગ ૧૦ અબજ ડોલર મળ્યા હતાં. વૈશ્વિક ભૂખમરો અગાઉથી જ રેકોર્ડ સ્તરે છે. ૩૧.૯ કરોડ લોકો ગંભીર ખાદ્ય અસુરક્ષાનો સામનો કરી રહ્યાં છે.

# કોવિડ ૧૯ના લીધે સ્પર્મ પર પણ નકારાત્મક અસર, ચેપગ્રસ્ત પુરુષોએ સંતાનોને વારસામાં ચિંતા અને ડર આપ્યા

કોવિડ-૧૯ એ માનવજાત માટે એક એવી મહામારી બની, જેણે આરોગ્ય, અર્થવ્યવસ્થા અને માનસિક સંતુલન સુધી દરેક ક્ષેત્રમાં મોટો ઘા પહોંચાડ્યો. શ્વસનતંત્રને અસર કરનારા આ વાયરસને હવે પાંચ વર્ષથી વધુ સમય વીતી ગયો છે, છતાં પણ તેની અસરો ધીમે ધીમે અલગ અલગ સ્વરૂપે સામે આવી રહી છે. તાજેતરના વૈજ્ઞાનિક અભ્યાસે એક ચોંકાવનારું પરિણામ આપ્યું છે—કોવિડ-૧૯ ફક્ત શરીરને કે મનને જ અસર કરતો નથી, પણ એ પુરુષના પ્રજનનતંત્ર અને ખાસ કરીને સ્પર્મની ગુણવત્તા પર પણ નકારાત્મક અસર કરી શકે છે. વધુમાં, આ ફેરફારો માત્ર તે વ્યક્તિ સુધી સીમિત નથી રહેતા, પરંતુ તે પોતાના સંતાનના માનસિક સ્વાસ્થ્ય પર પણ પ્રતિકૂળ અસર પહોંચાડી શકે છે.

વિજ્ઞાનીઓએ ઉંદરો પર કરેલા તાજેતરના પ્રયોગમાં જાણવા મેળવ્યું કે, કોવિડથી ચેપગ્રસ્ત પુરુષોના સ્પર્મમાં એવા પરિવર્તનો નોંધાયા છે, જે આગામી પેઢીના વર્તન અને મગજના વિકાસને અસર કરી શકે છે. આ સંશોધનના પરિણામોએ વિજ્ઞાન જગતમાં નવી ચર્ચા શરૂ કરી છે, કારણ કે જો આ અસર માનવોમાં પણ સમાન રીતે જોવા મળે, તો તેનો અર્થ એ થશે કે, એક વાયરસની અસર પેઢીથી પેઢી સુધી ચાલતી રહેશે.


અભ્યાસમાં જાણવા મળ્યું કે, કોવિડ-૧૯ના ચેપ પછી પુરુષના શરીરમાં સ્પર્મના માઈક્રો-આરએનએ (દ્વૈર્ષ્ઠિંદ્મછ) નામના ઘટકોમાં ફેરફાર થવા લાગે છે. માઈક્રો-આરએનએ એ એવી નાની અણુઓ છે જે આપણા જીનોની અભિવ્યક્તિને નિયંત્રિત કરે છે, એટલે કે આપણા શરીરમાં કયા જિન સક્રિય રહેવા જોઈએ અને કયા નહીં—એનું સંતુલન જાળવે છે. જ્યારે આ માઈક્રો-આરએનએમાં ખલેલ પડે છે, ત્યારે તેની અસર સીધી રીતે માનસિક અને શારીરિક વિકાસ પર જોવા મળે છે. આ ફેરફાર સ્પર્મમાં થતાં હોવાથી, એ સંતાનમાં પણ વારસાગત રૂપે પહોંચી શકે છે.

ઉંદરો પર કરાયેલા પ્રયોગ દરમિયાન વિજ્ઞાનીઓએ બે અલગ સમૂહ બનાવ્યા હતા. એક સમૂહના પુરુષ ઉંદરોને કોવિડ જેવો વાયરસ ચેપ લગાડવામાં આવ્યો, જ્યારે બીજા સમૂહને કોઈ ચેપ આપવામાં આવ્યો નહીં. ત્યારબાદ, બંને સમૂહના ઉંદરોથી જન્મેલા સંતાનોનું વર્તન અને મગજના કાર્યનું વિશ્લેષણ કરવામાં આવ્યું. પરિણામોએ ચોંકાવ્યું — ચેપગ્રસ્ત ઉંદરોના સંતાનોમાં ચિંતા, ડર અને તણાવ જેવી માનસિક લક્ષણો વધુ જોવા મળ્યાં. તેઓ સામાન્ય પરિસ્થિતિમાં પણ વધુ ચિંતિત અને અસ્થિર વર્તન દર્શાવતા હતા. જ્યારે કે અચેપગ્રસ્ત ઉંદરોના સંતાનોમાં આ પ્રકારની પ્રતિક્રિયા જોવા મળી નહોતી.

આથી વિજ્ઞાનીઓએ તારણ આપ્યું કે, પિતાના શરીરમાં થયેલા સ્પર્મના જૈવિક ફેરફારો સંતાનના મગજના વિકાસ અને માનસિક સ્વભાવ પર સીધી અસર કરે છે. કોવિડ-૧૯ના વાયરસે માત્ર શ્વસનતંત્રને જ અસર કરી નથી, પરંતુ એ શરીરના એવા ભાગોને પણ અસર કરે છે, જે નવી પેઢીનું જનન અને વારસાગત માહિતી વહન કરે છે. એના કારણે એક વ્યક્તિનો રોગ સંતાનના મન અને સ્વભાવમાં પણ વારસાગત છાપ છોડી શકે છે.

જોકે, આ અભ્યાસ હાલમાં ઉંદરો પર કરવામાં આવ્યો છે, તેથી માનવોમાં તેની અસર કેટલી સમાન હશે તે કહેવું હજી વહેલું છે. છતાં, વિજ્ઞાનીઓ માને છે કે જો માનવોમાં પણ આવું જ પ્રતિક્રિયા-સંદર્ભ મળી આવે, તો કોવિડ-૧૯ને લઈને આપણા આરોગ્યના દૃષ્ટિકોણમાં મોટો ફેરફાર લાવવો પડશે. અત્યારસુધી આપણે કોવિડને એક શ્વસનરોગ તરીકે જ ઓળખતા રહ્યા છીએ, પરંતુ જો એ આપણા જનનતંત્ર સુધી અસર પહોંચાડે છે, તો તેની લંબિત અસર પેઢીગત રીતે જોવા મળી શકે છે.

કેટલાંક નિષ્ણાતો કહે છે કે, આ પ્રકારના સંશોધનથી એક મહત્વપૂર્ણ પ્રશ્ન ઊભો થાય છે — શું વાયરસ માનવ જિનોમમાં લાંબા સમય સુધી કોઈ



પ્રકારની "યાદ" છોડી શકે છે? જો સ્પર્મ દ્વારા આ ફેરફાર સંતાનમાં પહોંચે છે, તો તેનો અર્થ એ થયો કે વાયરસની અસર શરીર પર નહિ પણ માનસિક અને વર્તન સ્તરે પણ જોવા મળી શકે છે. જેનાથી એક એવી સ્થિતિ ઊભી થાય છે કે, ભલે બાળકને વાયરસનો ચેપ ન લાગ્યો હોય, પણ તે છતાં તેના વર્તનમાં અથવા માનસિક સ્વાસ્થ્યમાં એના સંકેતો દેખાઈ શકે છે.

વિજ્ઞાનીઓએ આ સાથે એ પણ સ્પષ્ટ કર્યું કે, બધા કોવિડગ્રસ્ત પુરુષોમાં આવો ફેરફાર થવો જરૂરી નથી. એ વ્યક્તિના સ્વાસ્થ્ય, ઉંમર, ચેપની તીવ્રતા અને શરીરના પ્રતિરક્ષણ તંત્ર પર આધારિત છે. પરંતુ આ સંશોધન એ દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ છે, જે બતાવે છે કે કોવિડ-૧૯ જેવી મહામારીનો અંત શરીરના સાજા થવાથી નથી આવતો — એની છાપ લાંબા સમય સુધી માનવજીવન અને એની પેઢી પર રહી શકે છે. હાલમાં વધુ વિશ્લેષણ અને માનવો પર સીધા પ્રયોગની જરૂર છે, જેથી સ્પષ્ટ રીતે કહી શકાય કે આ અસર કેટલી ઊંડાણપૂર્વક છે. પરંતુ એક વાત નિશ્ચિત છે — કોવિડ-૧૯એ આપણું આરોગ્યવિજ્ઞાન, પ્રજનનવિજ્ઞાન અને માનસિક આરોગ્ય વિષેનો દૃષ્ટિકોણ સંપૂર્ણપણે બદલી નાખ્યો છે. હવે જ્યારે કોઈ વૈજ્ઞાનિક "લાંબા ગાળાના કોવિડ પ્રભાવ"ની વાત કરે છે, ત્યારે એ ફક્ત થાક કે શ્વાસની તકલીફ વિશે નથી બોલતો, પરંતુ તે માનવજાતના જનન અને વિચારશક્તિ સુધી પહોંચી શકે એવા પ્રભાવોની પણ વાત કરે છે. આ રીતે, આ સંશોધન આપણને યાદ અપાવે છે કે રોગ ફક્ત શરીરમાં થતો નથી, તે આપણા અસ્તિત્વના અણુસ્તર સુધી પહોંચી શકે છે. કોવિડ પછીની દુનિયા હવે ફક્ત સારવાર વિશે નહીં, પરંતુ એ રોગના વારસાગત પ્રભાવને સમજવા વિશે પણ વિચારવાની જરૂર છે.

## તંત્રી સ્થાનેથી..

## ચાંદીનો પૂરવઠો વધતા બે દિવસમાં રૂ.૧૦,૦૦૦ તૂટયા

અમેરિકામાં શટ ડાઉન લાંબુ ચાલતા તથા ડોલરમાં નબળાઈ જળવાઈ રહેતા વિશ્વ બજારમાં સોનાચાંદી સહિત કિંમતી ધાતુના ભાવમાં સુધારો આગળ ધપ્યો હતો પરંતુ ઘરઆંગણે દિવાળી પહેલા હાજરમાં ચાંદીનો પૂરવઠો વધી જતા મુંબઈ ચાંદી બે દિવસમાં રૂપિયા ૧૦,૦૦૦ તૂટી ગઈ હતી. સોનામાં સ્થિરતા જોવા મળી હતી. બીજી બાજુ કસ્ટમ્સ ડયૂટીની ગણતરી માટે નિશ્ચિત કરાતી ટેરિફ વેલ્યુમાં જોરદાર વધારો કરવામાં આવ્યો છે, જેને પરિણામે કિંમતી ધાતુની ઈમ્પોર્ટ કોસ્ટ વધી જશે. રશિયા સામે વધી રહેલી સખતાઈને પરિણામે ક્રુડ તેલના ભાવ ટકી રહ્યા હતા.

ઘરઆંગણે મુંબઈ બજારમાં ૯૯.૯૦ દસ ગ્રામ સોનાના જીએસટી વગર ભાવ ૧,૨૭,૪૭૧ મુકાતો હતો. જીએસટી સાથે ભાવ ત્રણ ટકા ઊંચા એટલે કે રૂપિયા ૧,૩૧,૨૯૩ મુકાતા હતા. ૯૯.૫૦ સોનાના દસ ગ્રામના જીએસટી વગર ભાવ રૂપિયા ૧,૨૬,૯૬૧ બોલાતા હતા. જીએસટી સાથે ભાવ ત્રણ ટકા ઊંચા મુકાતા હતા.

ચાંદી .૯૯૯ એક કિલોના ભાવ બુધવારની સરખામણીએ રૂપિયા ૬૦૦૦ ઘટી રૂપિયા ૧,૬૮,૦૮૩ મુકાતી હતી. છેલ્લા બે દિવસમાં ચાંદીમાં રૂપિયા ૧૦,૦૦૦નો ઘટાડો થયો છે. મુંબઈ બજારમાં ચાંદીની અછત દૂર થઈ જતા અને પૂરવઠો વધી જતા ભાવ દબાણ હેઠળ આવી ગયા હતા.

અમદાવાદ બજારમાં સોનુ ૯૯.૯૦ પ્રતિ દસ ગ્રામ રૂપિયા ૧,૩૧,૫૦૦ સ્થિર રહ્યું હતું. ૯૯.૫૦ સોનાના દસ ગ્રામ દીઠ ભાવ રૂપિયા ૧,૩૧,૨૦૦ કવોટ થતા હતા. ચાંદી .૯૯૯ એક કિલોના રૂપિયા ૧,૭૫,૦૦૦ બોલાતા હતા. ચાંદીમાં બુધવારની સરખામણીએ રૂપિયા ૫૦૦૦ ઘટી ગયા હતા.

કસ્ટમ્સ ડયૂટીની ગણતરી માટે સોનાની ટેરિફ વેલ્યુ પ્રતિ દસ ગ્રામ ૧૨૩૧ ડોલરથી વધારી ૧૩૨૭ ડોલર કરાઈ છે જ્યારે ચાંદીની પ્રતિ કિલો ૧૫૧૫ ડોલરથી વધારી ૧૬૬૩ ડોલર કરવામાં આવી છે. આ વધારાને કારણે કિંમતી ધાતુની ઈમ્પોર્ટ કોસ્ટ વધી જશે.

વિશ્વ બજારમાં કિંમતી ધાતુના ભાવમાં સુધારો ટકી રહ્યો છે. સોનુ પ્રતિ ઔંસ ૪૨૫૦ ડોલર જ્યારે ચાંદી ઔંસ દીઠ ૫૩ ડોલર મુકાતી હતી. અન્ય કિંમતી ધાતુ પ્લેટિનમ ૧૬૯૪ ડોલર જ્યારે પેલેડિયમ પ્રતિ ઔંસ ૧૫૮૫ ડોલર કવોટ થતું હતું.

રશિયાને ભીંસમાં લેવા અમેરિકાની વધી રહેલી આક્રમકતાને પરિણામે ક્રુડ તેલના ભાવમાં સ્થિરતા જળવાઈ રહી છે. ભારત રશિયા પાસેથી ક્રુડ તેલ નહીં ખરીદે તેવા ટ્રમ્પના નિવેદન તથા યુકેએ રશિયન ઓઈલ પર નવેસરના પ્રતિબંધો જાહેર કરતા પૂરવઠો ખોરવાઈ જવાની ધારણાં મૂકવામાં આવી રહી છે.

# ચલો અલાસ્કા- 3-હબર્ડ ગ્લેશિયર

૧૮ જુલાઈએ સ્યૂવર્ડ ( જીુટ્ઠઙ્ઘિં ) થી કેનાઈ ફ્યોર્ડસ નેશનલ પાર્કની સફર તો હજુ આરંભ હતો. એ મઝાની સફર પછી ક્રૂઝ પર પહોંચ્યાં ત્યારે સાંજ પડી ગઈ હતી અને સાંજમાંથી રાત તો જાણે ક્ષણમાં પસાર થઈ ગઈ.

સવારે આંખ ખુલી ત્યારે અમારી ક્રૂઝ હબર્ડ ગ્લેશિયર તરફ સરી રહી હતી.

અને, થોડી જ વારમાં નજરની સામે જે દશ્ય હતું એને દશ્યાવલી જ કહેવાનું મન થાય. નજર પહોંચે ત્યાં બરફાચ્છાદિત પહાડો જ પહાડો અને સાવ જ સામે આછા વાદળી, લીલાં અને સફેદ રંગની ઝાંયથી શોભતો હબર્ડ ગ્લેશિયર.

૭૬ માઈલના વિસ્તારમાં ફેલાયેલ આ હબર્ડ એક ટાઈડ વોટર ગ્લેશિયર છે જેમાંથી ઓગળતા બરફને લીધે દરિયાના પાણી વધઘટ થતી રહે છે.. કુદરતના કરિશ્મા સમાન આ ગ્લેશિયર માઉન્ટ લોગનથી યુકોનવેલી સુધી અને પછી ડિસેન્ચમેન્ટના અખાત સુધી ફેલાયેલ છે.

ઘેરા વાદળી રંગમાં આછો સફેદ ઉમેરીને જે રંગમિશ્રણ તૈયાર થયું ઈશ્વરે આ ગ્લેશિયર પર ઢોળી દીધું હોય એમ ગ્લેશિયરના ભૂરા રંગની આભાથી વાતાવરણમાં સુંદરતા છવાયેલી હતી. ગ્લેશિયરનો આછો-ઘેરો ભૂરો રંગ કુદરતની જ કમાલ છે. સદીઓથી જામી ગયેલો બરફ સપ્તરંગી મેઘધનુષનાં ભૂરા રંગ સિવાયના તમામ રંગો શોષી લે છે અથવા એની તીવ્રતા નહીંવત્ કરી દે છે જેનાં લીધે બરફનું બાહ્ય આવરણ ભૂરું દેખાય છે.

સવારે હબર્ડ ગ્લેશિયર પર પથરાતા સૂર્યના ઉજાસથી સાગરસમ્રાટ પ્રશાંત મહાસાગર જાણે ઝળહળ ઝળહળ. ધીમેધીમે આગળ વધતો દિવસનો તડકો ગ્લેશિયર પરથી પરાવર્તિત થઈને જે રીતે ક્રૂઝ પર પથરાતો હતો, શક્ય છે ક્રૂઝ પણ એવી જ ઝગમગ થતી હશે.

અલાસ્કાની મુલાકાત લેતા પહેલાં તમામ શક્યતાઓ વિચારીને માથાથી માંડીને પગ સુધી જાતને ઠંડીથી સુરક્ષિત રાખવા પૂરતાં ગરમ કપડાં તેમજ વરસાદથી બચવા રેઈનકોટ પણ લઈને ગયાં હતાં. સદ્નસીબે એ દિવસે કે અમારી ટ્રિપના એક પણ દિવસ અને આનંદથી માણ્યો.

હા તો વાત છે હબર્ડ ગ્લેશિયરની..

એ દિવસે અમારી નજર સમક્ષ હતો હબર્ડ ગ્લેશિયર, જે હજારો



વર્ષથી એકત્રિત થયેલા સ્નોનું પરિણામ હતું.

ગ્લેશિયર એટલે પૃથ્વી પરના તાજા પાણીનો સૌથી મોટો સંગ્રહ જેને 'હિમનદી' પણ કહે છે. વિશ્વની ૮૦ ટકા નદીઓમાં ગ્લેશિયરનું પાણી હોય છે. હબાર્ડ ગ્લેશિયર ઉત્તર અમેરિકા ખંડમાં છે જે છેલ્લા સો વર્ષથી અલાસ્કાના અખાત તરફ વિસ્તરતો આગળ વધી રહ્યો છે.સૌથી લાંબા ગ્લેશિયરને આમ સાવ નજીકથી જોઈને કોણ અભિભૂત ન થાય?

એ દિવસે ક્રૂઝ આખો દિવસ ત્યાં જ ઊભી રહીને ૩૬૦ ડીગ્રી વર્તુળાકારે ફરવાની હતી જેથી ક્રૂઝની બંને તરફથી ગ્લેશિયર જોવાનો સૌને પૂરતો સમય અને લાભ મળવાનો હતો. છતાં, કેટલાય એવાં ઉત્સાહીઓ હતાં કે જે ગ્લેશિયર પરથી વહી આવતા ઠંડા પવનની પરવા કર્યા વગર ક્રૂઝના સૌથી ઉપરનાં અને ખુલ્લાં ડેક પર પહોંચી ગયાં. કેટલાકને ગ્લેશિયરની સાવ નજીક જવું હતું એમનાં માટે આશરે પચાસેક પેસેન્જર સમાય એવી બે નાની ક્રૂઝની વ્યવસ્થા હતી તે આવીને એમને લઈ ગઈ.

નક્કી જ હતું કે, ક્રૂઝની જે તરફથી ગ્લેશિયર દેખાય ત્યાં જ સમય પસાર કરવો. વર્ષો પહેલાં કાશ્મીરનાં સોનમર્ગ ગ્લેશિયર અને મનાલીમાં રોહતાંગ પાસ પર ગયાં છીએ. પગ ખૂંપી જાય એવા બરફનાં ઢગલામાં ચાલ્યાં છીએ. કેનેડિયન રૉકિ ટુર સમયે કોલંબિયા આઈસફિલ્ડ પણ જોયું છે, પણ ફરી એકવાર બરફના આટલા મોટા જથ્થાને એકસાથે જોવો એ રોમાંચકારી અનુભવ હતો.

પહેલી વાર ગ્લેશિયર પરનો બરફ તૂટતો જોયો. નવો બરફ બને ને આગળ ખસે એટલે ધડાકાભેર બરફની મોટી શિલા તૂટે અને પછી નાનાં મોટાં ટુકડાઓમાં વિભાજીત થઈને વહેવા લાગે. એ સમયે આંધીની જેમ પાણીની છોળ ઊઠે. ક્યારેક તો એ શિલા એટલી મોટી હોય કે અકસ્માતે એ શિપ સાથે અથડાય તો હોનારત સર્જાય. કહે છે કે, આઈસબર્ગ એટલે સપાટીની ઉપર તરતો બરફનો એક ભાગ બાકીનો નવમો ભાગ દરિયાના પાણીની નીચે હોય તે.

ડાઈનિંગ રૂમમાંથી ગ્લેશિયર જોઈ રહ્યાં હતાં ત્યારે એ ધડાકો સાંભળીને બાજુનાં ટેબલ પર બેઠેલા એક ટેણિયાએ એની મૉમને પૂછી લીધું, **"What will happened If this big iceberg hits our ship? Does our ship have to face emergency like Titanic?"**

ટેણિયાની વાતથી ૧૫મી એપ્રિલ/ ૧૯૧૨ ની એ ગમખ્વાર ઘટનાની યાદ તાજી થઈ.

ખેર, એવી ઘટના અવારનવાર નથી બનતી એવું ટેણિયાની મમ્મીએ સમજાવ્યું પછી એ પરિવારે અને અમે હબર્ડ ગ્લેશિયર પર, કુદરતની આ સર્જન અને વિસર્જની પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

અહીંના સ્થાનિક વતનીઓ તૂટતા બરફના ધડાકાને 'શ્વેત મેઘગર્જના' કહે છે. હબાર્ડ ગ્લેશિયરના અવનવા આકારોએ અમને મોહિત કર્યા. ક્યાંક કિલ્લેબંધી ગઢ, તો ક્યારેક ગ્લેશિયની વચ્ચે ગુફા જેવા પોલાણો જોઈને એમ થાય કે આ ગુફાઓમાંથી પોલરબેર પ્રગટ થાય તો કેવી મઝા પડે !

હબાર્ડ ગ્લેશિયર પર ક્રૂઝ પૂર્ણ વર્તુળાકારે ધીમે ધીમે ફરી જેથી બધા પ્રવાસીઓએ પૂર્ણતયા એનું સૌંદર્ય માણ્યું.

જુલાઈ મહિનાની ગરમીને લીધે ઓગળેલા બરફથી બનેલી અને સમુદ્રમાં લીન થતી નદી પણ જોઈ. સાથે બાઈનૉક્યુલર હોવા છતાં ક્યારેય ન જોયા હોય એવા ગ્લેશિયરના આછા ભૂરા રંગને નરી આંખે જ માણ્યો. કહે છે કે, સ્નોમાંથી રૂપાંતરિત થયેલા આઈસની ઉંમર ચારસો વર્ષ જેટલી છે. હવે આ ગ્લોબલ વૉર્મિંગની અસર કેવું પરિણામ લાવે છે એ જોવું રહ્યું.

સાંજ પડવાની તૈયારી હતી. સૂર્યદેવને વિદાય આપવાની ઘડીથી જાણે ઉદાસ હોય એમ દરિયાનાં પાણીનો આછો ભૂરો રંગ હવે રાખોડી રંગ ધારણ કરી રહ્યો હતો છતાં પાણીમાં તરતાં બરફનાં ચોસલાંનાં અલગ અસ્તિત્વની આલબેલ સમી સફેદી જળવાઈ રહી હતી. મન ભરીને એ દશ્ય જોઈ, જમી પરવારીને આંખમાં ઘેરાયેલી ઊંઘને તાબે થયાં ત્યારે ક્રૂઝ મધ્યમ ગતિએ હબર્ડ ગ્લેશિયરથી આગળની તરફ વધી રહી હતી.



આલેખનઃ રાજુલ કૌશિક

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -38000

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું